હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

હવે ઓફીસે જાવ... એમ કાંઈ યુદ્ધ ડિકલેર થવાનું નથી...

લાંચ કેસમાં આરોપીને બે વર્ષની સાદી કેદની સજાનો આદેશ

ગાંધીનગર તા ૧

લાંચ કેસમાં કલોલ કોર્ટે આરોપીને બે વર્ષની સજા ભોગવવા હુકમ કર્યો છે. સ્પેશીયલ બેલીફ તરીકે લાંચ પેટે રૂ ૧૫ હજારની રકમની માંગણી કરવાના કેસમાં લાંચની રકમ સ્વીકારતા આરોપી પકડાઈ ગયો હતો.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર આ કેસના આરોપી ગંભીરજી બાપુજી ઠાકોર કલોલ સિવિલ કોર્ટમાં બેલીફ તરીકે ફરજ બજાવે છે. તેણે કલોલ ગીતાબેન કાંતિલાલ પટેલને તેમની જમીન કેસમાં ચાલતા દાવા અને કબજો લેવા માટે સ્પેશિયલ બેલીફનો હુકમ કર્યો હતો. જેના અનુસંધાને તા ૨૯ જુન વર્ષ ૨૦૧૩ ના રોજ કોર્ટે વોરંટ કાઢયુ હતુ. જયારે આ વોરંટ બેલીફ મારફતે બજાવાનો હુકમ કર્યો હતો.

જયારે આરોપીએ આ માટે રૂ ૧૫ હજારની માંગણી કરી હતી. આ મામલે અમદાવાદ એ સી બી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવી હતી. જયારે લાંચની રકમ લેતા આરોપી પકડાઈ ગયો હતો. આ કેસ કલોલની એડિશ્નલ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી વ્યાસે દલીલો કરી હતી. જેમાં તેમણે જણાંવ્યુ હતુ કે સમાજમાં આ પ્રકારની પ્રવૃતિઓ ફુલીફાલી છે. જેથી કાયદામાં દર્શાવેલી સજા કરવા પણ કોર્ટ સમક્ષ દલીલમાં જણાંવ્યુ હતુ જેના અંતે જજ બી પી પુજારાએ આરોપીને બે વર્ષની સાદી કેદની સજા તેમજ રૂ ૫૦૦ નો દંડ ભોગવવા હુકમ કર્યો છે.

કલોલની ઓળા ચોકડી પાસેથી એલસીબી પોલીસે

ઈકોમાંથી ચાર શખ્સોને ગેરકાયદેસર હથીયાર સાથે ઝડપી પાડયા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમ ગત્ તા.૨૮ ફેબુઆરીને ગુરુવારના રોજ પીએસઆઈ એમ.જે.શિંદે અને તેમની ટીમના સભ્યો સાથે કલોલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે સમયે પીએસઆઈ એમ.જે.શિંદેને ખાનગી રાહે બાતમી મળી હતી કે ઓળા ચોકડી પાસે વોચ કરી ઈકો કાર નં.જી.જે.જીરો.૨.સી.એ.-૧૬૧૮ ને ઉભી રખાવીને તેમા તપાસ કરતા દુાદુભા ડાહ્યાજી ઠાકોર, રહે. લક્ષ્મીપુરા કટોસણ તા.જોટાણા, જી.મહેસાણા, મહેન્દ્રકુમાર ઉર્ફે મુન્નો રઘુભાઈ રામી રહે.૧૧ યોગીજી ફલેટ અંબીકાનગર વિભાગ-૨ ની પાછળ કલોલ જી.ગાંધીનગર, મુળ રહે. સુંચીયા તા.પાટડી જી.સુરેન્દ્ર નગર, ગૌતમસિંહ ખુમાનસિંહ ઝાલા રહે.છત્રાલ ઠાકોર વાસ, તા.કલોલ, જી-ગાંધીનગર, મુળ રહે. ઝીઝુવાડા તા.પાટડી, જી.સુરેન્દ્રનગર અને નિતિનભાઈ જયંતિભાઈ રામી રહે.વચલો વાસ દેના બાંકની સામે છત્રાલ તા.કલોલ, જી.ગાંધીનગરવાળાને શંકમંદ હાલતમાં પકડી ગાડીની ચકાસણી કરતા ગાડીમાંથી એક દેશી બનાવટની પીસ્ટલ અને એક લોખંડનો છરો મળી આવ્યા છે. આ ઈસમોને ગેરકાયદેસર હથીયાર અંગે પુછપરછ કરતા પીસ્ટલ તેઓએ બિહારમાંથી ગેરકાયદેસર રીતે ખરીદી લાવ્યા હતા. જેથી હથીયાર કિ.રૂ. ૧૦,૦૦૦ ગણી તમામ આરોપીઓ વિરુધ્ધ કલોક તાલુકા પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

ખનીજ ચોરી કેસમાં ભગવાન બારડને બે વર્ષ અને ૯ માસની સજા

અમદાવાદ,તા. ૧

ગીર સોમનાથ જિલ્લાના તાલાલાના કોંગી ધારાસભ્ય ભગવાન બારડને સૂત્રાપાડા કોર્ટે ખનીજ ચોરીના ચકચારભર્યા કેસમાં બે વર્ષ અને ૯ મહિનાની આકરી સજા ફટકારી છે. કોર્ટના આ ચુકાદાને પગલે સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઇ હતી. તો, બીજીબાજુ, રાજકીય વર્તુળમાં પણ આ સમાચારને પગલે ભારે ગરમાવો આવી ગયો હતો.

ખાસ કરીને કોંગ્રેસના વર્તુળમાં ભારે ચિંતાની લાગણી ફરી વળી હતી. જો કે, નીચલી કોર્ટના આ હુકમ સામે કોંગી ધારાસભ્ય ભગવાન બારડ દ્વારા હવે ઉપલી અદાલતમાં અપીલ કરાય તેવી શકયતા છે. ૧૯૯૫માં સરકારી ગૌચર જમીનમાંથી ૨.૮૩ કરોડની ખનીજ ચોરીના ચકચારભર્યા કેસમાં સૂત્રાપાડા કોર્ટે ચુકાદો જાહેર કરી ધારાસભ્ય ભગવાન બારડને બે વર્ષ અને નવ મહિનાની સખત કેદની સજા ફટકારી હતી. જેને પગલે રાજકીય વર્તુળમાં ભારે ચકચાર મચી ગઇ છે. ગીર સોમનાથ જિલ્લાના તાલાલાના કોંગી ધારાસભ્ય ભગવાન બારડને ખનીજ ચોરીનાં ગુનામાં સુત્રાપાડા કોર્ટે સજા ફટકારતાં કોર્ટ પ્રાંગણમાં પણ વકીલો-પક્ષકારોમાં પણ આ જ ચુકાદાની ચર્ચા નજરે પડતી હતી.

ઉલ્લેખનીય છે કે, વર્ષ ૧૯૯૫માં સુત્રાપાડાની સરકારી ગોચર જમીનમાંથી ૨.૮૩ કરોડની ખનીજ ચોરીના ચકચારભર્યા પ્રકરણમાંકોંગી ધારાસભ્ય ભગવાન બારડ સહિતના સંબંધિત લોકો સામે આઈપીસી-૩૭૯ અને ૪૨૦ મુજબ ગુનો નોંધાયો હતો. જે ગુનામાં આજે સુત્રાપાડાની જ્યુડીશીયલ મેજિસ્ટ્રેટ કોર્ટે ૨ વર્ષ ૯ મહિનાની સજા ફટકારી છે. આમ કોંગી ધારાસભ્યને સજા મળતા કોંગ્રેસમાં પણ ચુકાદાને લઇ ઘેરા પ્રત્યાઘાત સામે આવ્યા હતા.

ચિલોડા પોલીસે વિદેશી દારૂની ૭૩૦ પેટી સાથે સાથે બેની ધરપકડ

મહુન્દ્રા ચોકડી પાસે નાકાબંધી કરી ચિલોડા પોલીસે વિદેશી દારુ ભરેલી ટ્રક ઝડપી પાડી છે. પોલીસે ટ્રકમાંથી ૭૩૦ દારુની પેટી, ટ્રક, મોબાઈલ સહિત કુલ રૂ. ૪૮,૬૫,૦૦૦ નો મુદ્દામાલ ઝડપી પાડી બે ઈસમોની ધરપકડ કરી ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ એમ.એન.બારીયાએ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ ચિલોડા પોલીસ મથકના પીઆઈ વાય.આર. વાઘેલા, પીએસઆઈ આર.ડી. દામા, એમ.એન, બારીયા, પ્રો પીએસઆઈ વાય.ડી.ગામીત, વી.બી.રહેવર સહિત હેકો. મોહનભાઈ સુરસિંહ, રામજીભાઈ મંગાભાઈ સહિતના સ્ટાફના જવાનો મહુન્દ્રા પાટીયા પાસે નાકાબંધી કરી ચેકીંગ કરી રહ્યા હતા. ત્યારે હે.કો. મોહનસિંહ સુરસિંહને બાતમી મળી હતી કે પ્રાંતિજ તરફથી વિદેશી દારુ ભરેલી ટ્રક નં. આર.જે.જીરો. ૯.જી.એ.-૭૪૭૫ ચિલોડા તરફ આવી રહી છે. જેથી ચિલોડા પોલીસને બાતમીવાળી ટ્રક જોવા મળતા ઝડપી પાડી હતી. ટ્રકમાંથી અલગ અલગ વિદેશી બ્રાન્ડની ૭૩૦ પેટીઓ, કુલ બોટલ નંગ-૮૭૬૦ કિ.રૂ.૩૮,૬૪,૦૦૦ તેમજ ટ્રક કિ.૧૦,૦૦,૦૦૦ અને બે મોબાઈલ ફોન કિ.૧૦૦૦ મળી કુલ રૂ.૪૮,૬૫,૦૦૦ ના મુદામાલ સાથે બે આરોપી આબિદ મજીદ મેઉ તેમજ સૌકતઅલી નવલખાન મેઉ બંન્ને રહે.ગામ. ગુરાક્ષર તા.હાથિન, જી.પલવલ હરીયાણા પકડી પાડ્યા છે. જયારે વિદેશી દારુ ભરી આપનાર સાજીદખાન નવાબખાન રહે. નિભાહેરી ચિતોડગઢ રાજસ્થાન તેમજ વિદેશી દારુ મંગાવનાર ભુપેન્દ્ર સામે ગુનો નોંધી આગળની તપાસ પીએસઆઈ એમ.એન. બારીયા કરી રહ્યા છે.

પુંધરા ગામેથી ફરાર આરોપીને પકડી પાડતી એબસ્કવોન્ડર ટીમ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લાના પેરોલ ફર્લો અને ફરાર આરોપીઓને પકડી પાડવા માટે જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાએ સુચના આપી હતી. જેને પગલે એલસીબી પીઆઈ તરલ ભટ્ટની એબસ્કવોન્ડરની ટીમને જેલમાંથી છુટેલા કેદીઓની માહિતી મેળવી હતી. તે પૈકી કેટલા ફરાર છે તે તપાસી આવા ફરાર આરોપીઓને પકડી પાડવા જણાવ્યું હતું. જેને અનુલક્ષી એબસ્કવોન્ડર ટીમના પીએસઆઈ વી.એમ.ઝાલા તથા અ.હે.કો. દિલીપસિંહ બળદેવજી, સંદિપકુમાર મહેન્દ્રભાઈ, નરેશકુમાર પરબતભાઈ સહિતની ટીમ આ દિશામાં કામગીરી કરી રહી હતી. તે દરમિયાન અ.હે.કો દિલિપસિંહને બાતમી મળી હતી કે માણસા પોલીસ સ્ટેશનના ફ.ગુ.ર.નં.૧૫૫-૨૦૦૩ ઈપીકો કલમ ૪૯૮ ક, ૩૪૨, ૩૦૨ મુજબ પેરોલ રજા ઉપરથી ફરાર કેદી રમેશભાઈ જીજાભાઈ રાવળ રહે.પુંધરા તા. માણસા, જી.ગાંધીનગર ને પુંધરાથી ગામથી પકડી પાડ્યો હતો. ઉપરોકત ગુનામાં કેદીને આજીવન કેદની સજા થઈ છે.આ સજા દરમિયાન તા.૨૧-૧-૧૯ ના રોજ પેરોલ રજા ઉફર મુકત થયેલ તા.૧-૨-૧૯ના રોજ પરત હાજર થયો ન હતો અને ફરાર રહ્યો હતો. જેને આજ તા. ૧ માર્ચના રોજ એબસ્કવોન્ડરની ટીમે પકડી સાબરમતિ જેલ મોકલી આપ્યો હતો.

કોબા ખાતે રાજ્ય સહકારી સંઘ દ્વારા સહકારી મહા સંમેલન યોજાયું

ગાંધીનગર, તા. ૧

કેન્દ્રીય કૃષિ રાજ્યમંત્રી પુરૂષોત્તમભાઈ રૂપાલાએ જણાવ્યું છે કે, ખેડૂતો અને નાગરિકોના સામૂહિક જનહિતના કામો માટે કેન્દ્ર સરકાર સદાય તત્પર છે અને સરકારનું મન હર હંમેશ ખુલ્લું છે. નાગરિકોના મત મેળવીને તેમના સૂચનો થકી કેન્દ્ર સરકાર આગામી સમયમાં વિઝન ડોકયુમેન્ટ પણ તૈયાર કરશે.

આજે કોબા ખાતે ગુજરાત રાજ્ય સહકારી સંઘ દ્વારા આયોજિત સહકારી સંમેલન ૨૦૧૯ને ખુલ્લુ મુકતા મંત્રી રૂપાલાએ ઉમેર્યું હતું કે, વર્ષ-૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવા માટે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જે સપનું સેવ્યું છે એ ચોક્કસપણે સાકાર કરાશે. આ માટે તાજેતરમાં જ ૧ કરોડથી વધુ ખેડૂતોના ખાતામાં રૂ. ૨,૦૦૦નો પ્રથમ હપ્તો વડાપ્રધાને જમા કરાવી દીધો છે. તેમણે કહ્યું કે, ખેડૂતો દ્વારા રાષ્ટ્રના નાગરિકોની ભૂખ ભગાવવા માટે જે પરિશ્રમ થઈ રહ્યો છે એને સન્માનિત કરવા માટે કેન્દ્ર સરકારે કિસાન સન્માન નિધિ યોજના જાહેર કરી છે. જે હેઠળ પ્રતિવર્ષ રૂ. ૬,૦૦૦ની વાર્ષિક સહાય ખેડૂતોને અપાશે. જે માટે રૂ. ૭૫ હજાર કરોડ કેન્દ્ર સરકાર ખર્ચ કરશે. ગામડાઓને સમૃદ્ધ કરવા માટે પણ દેશભરની ૨.૫ લાખ ગ્રામ પંચાયતોમાં વિકાસ માટેની ગ્રાન્ટ સીધી કેન્દ્ર સરકાર તેના ખાતામાં જમા કરાવે છે.

આયુષ્માન ભારત યોજના હેઠળ પણ રૂ. ૫ લાખની મર્યાદામાં વિનામૂલ્યે આરોગ્ય સારવાર આપવામાં આવે છે. જેના દ્વારા દેશભરના ૫૦ કરોડથી વધુ લાભાર્થીઓ લાભાન્વિત થશે.

રૂપાલાએ કહ્યું કે, ગુજરાતનું સહકારી માળખું દેશભરમાં સૌથી શ્રેષ્ઠ છે ત્યારે વડાપ્રધાનના ખેડૂતોની આવક બમણી કરવાના સપનાને સાકાર કરવામાં શિરમોર ભૂમિકા અદા કરીને દેશને રાહ ચિંધશે એવો મને વિશ્વાસ છે. તેમણે કહ્યું કે, ખેતીની સાથે સાથે મત્સ્યોદ્યોગ, પશુપાલન, મધમાખી ઉછેર જેવા એલાઈડ વ્યવસાય થકી પણ કિસાનો આગળ વધશે તો ચોક્કસ પરિણામ મળશે. તેમણે ખેડૂતોને આધૂનિક ટેકનોલોજીના માધ્યમ દ્વારા વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવા માટે પણ અપીલ કરી હતી.

રાજ્યના સહકારમંત્રી ઈશ્વરસિંહ પટેલે સહકારી સંમેલન માટે ગુજરાત રાજ્ય સહકારી સંઘને અભિનંદન આપતાં કહ્યું કે, 'વિના સહકાર નહીં ઉદ્ધાર'ના સુત્રને સાર્થક કરીને રાજ્યનું માળખું દેશભરમાં અગ્રેસર છે ત્યારે વડાપ્રધાનના ખેડૂતોની આવક બમણી કરવાના સપનાને સાકાર કરીને ગુજરાત સમગ્ર દેશને ચોક્કસ નવો રાહ ચિંધશે. નાના, મધ્યમ અને સીમાંત ખેડૂતોને આર્થિક રીતે સદ્ધર બનાવવામાં પણ સહકાર ક્ષેત્રનો જ સિંહ ફાળો રહ્યો છે. ત્યારે રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પણ આ ક્ષેત્રે ખાસ ધ્યાન કેન્દ્રીત કરીને અનેકવિધ નવતર આયામો ખેડૂતો માટે હાથ ધર્યા છે. ખેડૂતદીઠ રૂ. ૩ લાખની લોન ઝીરો ટકા વ્યાજથી મળે તે માટે રાજ્ય સરકારે રૂા.૫૦૦ કરોડનું કોપર્સ ફંડ પણ ઉભું કરીને સરકાર ખેડૂતોના પડખે ઉભી જ છે. એ જ રીતે રાજ્યના દૂધ સંઘોનો પણ પાવડરનું વ્યાપક ઉત્પાદન થયું ત્યારે પાવડરના નિકાસ માટે સબસીડી અને સહાય પેકેજ જાહેર કર્યું છે. શેરડી પકવતા ખેડૂતો માટે પણ અનેકવિધ પગલાં લીધા છે.

ડીડી રોબોકોન સ્પર્ધામાં શહેરની ઈન્સ્ટીટ્યુટ પ્રથમ ક્રમે

ડી.ડી. રોબોકોન ૨૦૧૯ સ્પર્ધામાં ભારતની આઈ.આઈ.ટી. મુંબઈ, પટના, કાનપુર, દિલ્હી, રૂટકી, મંડી, વારાસણી, ગુજરાતની નામાંકિત કોલેજો જેવી કે એલ.ડી. એન્જીનિયરીંગ, નિરમા યુનિવર્સિટી, એસ.વી.એન. આઈ.ટી. સુરત સહિતની વિવિધ ટેકનીકલ સંસ્થાઓએ ભાગ લીધો હતો.

આ સ્પર્ધાનું પ્રથમ સ્ટેજનું પરિણામ જાહેર થયુ. તેમાં સમગ્ર ભારતમાં ૮૬ ટીમોમાંથી ૫૧ ટીમો ફાઈનલ સ્ટેજ માટે પસંદગી પામી છે. આ ફાઈનલ ૫ સંસ્થાઓમાંથી ગાંધીનગર ઝોનની એસ.પી.બી. પટેલ એન્જીનિયરીંગ કોલેજ, સેક્રોની ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજીએ "ડી.ડી. રોબોકોન ૨૦૧૯" સ્પર્ધામાં ૧૦૦માંથી ૯૩ ગુણ પ્રાપ્ત કરી સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમ મેળવ્યો છે. આ રોબોકોન ટીમમાં આઈ.ટી., કમ્પ્યુટર અને મિકેનીકલ એન્જીનિયરીંગના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સફળતા બદલ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી પ્રિયેશભાઈ દલાલ, પ્રિન્સિપાલે અભિનંદન પાઠવ્યા હતા.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN
ashirvad
BENELAVE
DR.FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

જાહેરનામું

મહેસુલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર

તારીખ : ૧૪/૨/૨૦૧૯

(જમીન સંપાદન પુનઃસ્તાપન અને પુનઃવસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) જિલ્લો : અરવલ્લી

રાજ્ય સરકારને જમીન સંપાદન પુનઃસ્તાપન અને પુનઃવસવાટમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) અન્વયે મળેલી સત્તા અન્વયે એમ લાગે છે કે, આ સાથે જોડેલ અનુસૂચિત નિર્દિષ્ટ કરેલ જમીનોની 'વાત્રક યોજનાની જમણાકાંઠા નહેરની ટેઈલ એક્સટેન્શન ડીસ્ટ્રીબ્યુટરીની સાંકળ ૯૫૭૦ મી થી ૧૦૫૩૦ મી.ના પ્રોજેક્ટ' કરવા પ્રોજેક્ટ માટે જરૂર પડવાનો સંભવ છે.

આથી જમીન સંપાદન પુનઃસ્તાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૧૧ની જોગવાઈ હેઠળ જાહેર કરવામાં આવે છે કે, સદરહુ જમીનોની ઉપર અનુસૂચિત નિર્દિષ્ટ કરેલ હેતુઓ માટે જરૂર પડવાનો સંભવ છે.

સદરહુ જમીનમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને આથી ચેતવણી આપવામાં આવે છે કે, સદરહુ સંપાદનના હેતુ સારૂ સદરહુ જમીનોમાં કોઈ સર્વેયરો કે અન્ય વ્યક્તિઓને હરકત કરવી નહીં. આ જાહેરનામાની તારીખ પછી કલેક્ટરશ્રીની મંજુરી વિના વેચાણ, પટા, ગીરો, નામફેર, વિનિમય દ્વારા અથવા સદરહુ જમીનોની નિકાલ માટેો અથવા સુધારા કરવા માટેનો કોઈ કરાર ઠેવચે સંપાદિત કરવામાં આવે તેવા સદરહુ જમીનોના ભાગો માટે વળતર આકારતા અધિકારી સદરહુ અધિનિયમની કલમ-૨૨ હેઠળ ધ્યાનમાં લેશે નહીં.

ગુજરાત સરકારને એવી ખાતરી થાય કે સદરહુ જમીનોની ઉપર્યુક્ત જાહેર હેતુ માટે જરૂર છે, તો સદરહુ અધિનિયમની કલમ-૧૯ હેઠળ તે મતલબનું છેવટનું જાહેરનામું યોગ્ય સમયમાં કાયદાનુસાર પ્રસિદ્ધ કરવામાં આવશે. જમીન સંપાદન અંશતઃ કે પૂર્ણતઃ જતુ કર્યું હોય તો હકીકત કાયદાનુસાર યોગ્ય રીતે જાહેર કરવામાં આવશે.

જમીન સંપાદન પુનઃસ્તાપન અને પુનઃવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)ની કલમ-૩ (જ) હેઠળ જિલ્લા કલેક્ટરશ્રી જમીનોના સંબંધમાં સદરહુ અધિનિયમ હેઠળ કલેક્ટરના કાર્યો બજાવવા માટે નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજનાઓની કચેરી હિંમતનગરને ખાસ જમીન સંપાદન અધિકારી તરીકે નીમે છે.

આ કાયદાની કલમ-૧૫મી જોગવાઈઓ મુજબ આ જાહેરનામુ પ્રસિદ્ધ થયાના ૬૦ દિવસની અંદર જમીનમાં હિત ધરાવતી વ્યક્તિ / ઈસમ જમીન સંપાદન અંગેના વાંધા નાયબ કલેક્ટર જમીન સંપાદન અને પુનઃવસવાટ ધરોઈ વાત્રક અને અન્ય યોજનાની કચેરી હિંમતનગર, સમક્ષ રજુ કરી શકાશે.

અનુસુચિ મોજે : વાત્રકગઢ (ગઢકંપા) તા. બાયડ જી. અરવલ્લી

અ.નં.	જૂનો સર્વે નંબર	નવો સર્વે નંબર	સંપાદીત થતી જમીનનું ક્ષેત્રફળ
૧	૯૬/૧	૨૫૨	૦-૧૧-૩૪
૨	૯૬/૨	૨૫૪	૦-૩૦-૮૮
૩	૯૬/૩	૨૫૧	૦-૧૪-૩૦
૪	૯૯/૧ પૈકી ૩	૨૬૩	૦-૦૭-૧૨
૫	૯૯/૧ પૈકી ૧	૨૭૨	૦-૦૭-૨૦
૬	૯૯/૧ પૈકી ૨	૨૬૨	૦-૦૭-૨૦
૭	૯૯/૨	૨૬૪	૦-૨૩-૦૪
૮	૯૯/૩	૨૬૬	૦-૨૫-૬૪
૯	૯૯/૪ પૈકી ૧	૨૭૫	૦-૧૨-૩૭
૧૦	૯૯/૪ પૈકી ૨	૨૭૪	૦-૧૨-૩૭
૧૧	૧૦૩/૧	૨૭૬	૦-૨૧-૮૫
૧૨	૧૦૩/૨	૨૭૭	૦-૩૫-૨૫
૧૩	૧૦૩/૩	૨૭૮	૦-૫૯-૬૦
૧૪	૧૦૨/૧	૨૭૯	૦-૨૩-૭૫
૧૫	૧૦૨/૨	૨૮૨	૦-૨૪-૩૭
૧૬	૧૦૨/૩	૨૮૧	૦-૧૭-૧૦
૧૭	૧૦૨/૪	૨૮૦	૦-૦૭-૫૨

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી/-
(એચ. જે. રાઠોડ
સરકારના ઉપસચિવ

માહિતી/હિંમત/૬૪૪/૧૯